# જાતીય સતામણી અંગેનો કાર્યક્રમ (જાસપુર ગામ)

ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટી અંતર્ગત Extension Activity Cell દ્વારા જાસપુર અને દંતાલી ગામને દત્તક લીધેલ છે. જેમાં દત્તક લીધેલ જાસપુર ગામમાં તા.17/03/2021 બુધવારના રોજ બપોરે 2:00 કલાકે ડૉ.બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટીના દ્વારા જાતીય સતામણી અંગેના કાર્યક્રમનું આયોજન કરેલ. જેમાં યુનિવર્સિટીના ડૉ. આવા શુક્લા ( નિયામક SS) અને Extension Activity Cell ના ડૉ.સોનલ ચૌધરી (આસિસ્ટન્ટ પ્રોફેસર- ઈતિહાસ), શ્રી કિંજલબેન પરમાર (આસિસ્ટન્ટ પ્રોફેસર- લાયબ્રેરી સાયન્સ) ના સભ્યશ્રીઓ હાજર રહેલ હતાં. તેમજ જેન્ડર ઓફિસર શ્રી મીતાબેન પટેલને વ્યાખ્યાન માટે અને હાઈસ્કુલના પ્રિન્સિપાલ દિનેશભાઈને આમંત્રિત કરેલ હતાં.

સૌ પ્રથમ યુનિવર્સિટીની પરંપરા મુજબ દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ત્યાંના સ્કુલની બહેનોએ પ્રાર્થનાગાન કરી કાર્યક્રમની શોભા વધારી દીધી હતી. ત્યારબાદ આવેલ મહેમાનશ્રીનું ડૉ. આવા શુક્લા (નિયામક SS) દ્વારા અને કિંજલબેન દ્વારા પ્રિન્સિપાલ શ્રી દિનેશભાઈનું ખેસ ઓઢાડી સ્વાગત કરવામાં આવ્યું હતું. સ્વાગત વિધિ બાદ ડૉ.સોનલ ચૌધરી (આસિસ્ટન્ટ પ્રોફેસર- ઈતિહાસ) દ્વારા મહેમાનશ્રીનો પરિચય આપવામાં આવ્યો.

આવેલ મહેમાનશ્રી મિતાબેન પટેલે સ્ત્રીઓ અને પુરુષોની વચ્ચે રહેલાં ભેદ દ્વારા પોતાના વક્તવ્યની શરૂઆત કરી. તેમણે પોતાના વક્તવ્યમાં જાતીય સતામણી શું છે તેની માહિતી પૂરી પાડી આજના આધુનિક યુગમાં પણ સ્ત્રીઓને કેવી જાતીય સતામણીનો સામનો કરવો પડે છે. અને તેનો ભોગ બને છે. તેનું સચોટ ઉદાહરણ દ્વારા માહિતી પૂરી પાડી. જાતીય સતામણી થાય ત્યારે તેનાથી બચવા કેવાં કેવાં પગલાં ભરવાં જોઈએ તેનું પણ ખૂબ વિસ્તૃત રીતે જ્ઞાન પૂરું પાડ્યું. સ્ત્રીઓ તથા પુરુષોને જાતીય સતામણીથી કેવી બચવા માટેના ઉપાયો પણ આપ્યાં. પોતાના વક્તવ્યના અંતે તેમણે સ્ત્રીઓ અને પુરુષોને સ્વતંત્રતાથી જીવન જીવવા માટેની પ્રેરણા પૂરી પાડી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ.સોનલ ચૌધરી (આસિસ્ટન્ટ પ્રોફેસર- ઈતિહાસ) દ્વારા કરવામાં આવ્યું હતું.

આવા કાર્યક્રમના માર્ગદર્શન અને મંજૂરી આપવા બદલ અમે સૌ માનનીય કુલપતિશ્રી પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાયજીનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.


Dr. Babasaheb Ambedkar
Open University


Extension Activities Cell
WDC/ICC


Dr. Babasaheb Ambedkar
Open University
Extension Activities Cell
WDC/ICC


Dr. Babasaheb Ambedkar
Open University
Extension Activities Cell
WDC/ICC







